ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી**

Date : 22nd February, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................,

ભાવનગર.

"વિકલાંગ લોકો માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" વિષયને અનુલક્ષી **"રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"** અંતર્ગત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે કરાયેલ પ્રાકૃતિક પ્રવાસનું આયોજન.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી ૧૪ વર્ષથી કાર્યરત છે.

ભારત દેશના જગ વિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. સી. વી. રામન દ્વારા કરવામાં આવેલ શોધ 'રામન ઈફેક્ટ'ની યાદ રૂપે સમગ્ર દેશમાં **૨૮ ફેબ્રુઆરી "રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ"** તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે "વિકલાંગ લોકો માટે વિજ્ઞાન અને ટેકનોલોજી" વિષય પર ભારત ભરમાં વિવિધ કાર્યક્રમો થનાર છે. જે વિષય અનુરૂપ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર સી. પી. સ્કુલના દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાકૃતિક પ્રવાસનું આયોજન કરવમાં આવેલ.

આ પ્રાકૃતિક પ્રવાસમાં વિદ્યાર્થીઓએ કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન, વેળાવદરની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન પ્રાણીઓ અને પક્ષીઓના ઈતિહાસ, તેમના શિકાર પરનો પ્રતિબંધ, પ્રાણી-પક્ષીની વસ્તીમાં થઈ રહેલો ચિંતા જનક ઘટાડો, તેના લુપ્ત થવાના કારણો અને તેમાં માણસોની ભૂમિકા વગેરે બાબતો ભાવનગરના જાણીતા પર્યાવરણ મિત્ર શ્રી હર્ષભાઈ મકવાણા અને યશપાલભાઈ વ્યાસ દ્વારા ઉંડાણ પૂર્વક સચિત્ર અને રસપ્રદ માહિતી આપી હતી.

ત્યાર બાદ ગુજરાતમાં આવેલ હડપ્પા સંસ્કૃતિનું નગર લોથલની મુલાકાત લીધી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓને જાણવા મળ્યું હતું કે અહીની સંસ્કૃતિનો સમય ઇ.સ.પૂર્વે ૨૪૫૦થી ૧૯૦૦ સુધીનો માનવામાં આવે છે. તે ઉપરાંત વર્ષો પહેલા રચાયેલા નગરમાં સુઆયોજિત નગર વ્યવસ્થામાં બજારો રસ્તાઓ, ગટર વ્યવસ્થા તે સમયના લોકોની સુઝબુઝનો પરિચય આપે છે.

ઉપરોક્ત પ્રાકૃતિક પ્રવાસમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો એમ કુલ મળીને ૪૭ લોકોએ ભાગ લોઘેલ. જે વિગતો લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેનની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) ૨૨/૦૨/'૧૭

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.